Friday
14.04.2023
*Volume :7 * Issue No.255
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

"આજનું નવું ભારત એવી નીતિઓ અને વ્યૂહરચનાઓ સાથે આગળ વધી રહ્યું છે જેણે નવી શક્યતાઓ માટે દરવાજા ખોલ્યા છે"

# આજે ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે : પ્રધાનમંત્રી શ્રી

## વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવા નિમણૂક પામેલાઓને લગભગ ૭૧,૦૦૦ નિમણૂક પત્રોનું વિતરણ કરાયું

"આત્મનિર્ભર ભારત અભિયાનની વિચારસરણી અને અભિગમ સ્વદેશી અને 'સ્થાનિક માટે અવાજ' અપનાવવાથી આગળ વધે છે. આત્મનિર્ભર ભારત અભિયાન એ ગામડાઓથી શહેરો સુધી રોજગારની કરોડો તકોનું સર્જન કરવાનું 'અભિયાન' છે"






"એક સરકારી નોકર તરીકે, તમારે તે બાબતો હંમેશા યાદ રાખવી જોઈએ જે તમે એક સામાન્ય નાગરિક તરીકે અનુભવતા હતા"

- "૨૦૧૪ પછી ભારતે અગાઉના સમયના પ્રતિક્રિયાશીલ વલણની વિરુદ્ધ સક્રિય અભિગમ અપનાવ્યો છે"
- "૨૧મી સદીનો ત્રીજો દશક ભારતમાં રોજગાર અને સ્વ-રોજગારની તકોનો સાક્ષી છે જે અગાઉ અકલ્પનીય હતી"
- "જ્યારે રસ્તાઓ ગામડાઓ સુધી પહોંચે છે, ત્યારે તે સમગ્ર ઇકોસિસ્ટમમાં ઝડપી રોજગાર સર્જન તરફ દોરી જાય છે"

**રોજગાર મેળો એ રોજગાર સર્જનને સર્વોચ્ચ અગ્રતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાની પરિપૂર્ણતા તરફનું એક પગલું છે. રોજગાર મેળા વધુ રોજગાર નિર્માણમાં ઉત્પ્રેરક તરીકે કામ કરશે અને યુવાનોને તેમના સશક્તિકરણ અને રાષ્ટ્રીય વિકાસમાં ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાષ્ટ્રીય રોજગાર મેળાને સંબોધિત કર્યો હતો. તેમણે વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવા નિમણૂક પામેલાઓને લગભગ ૭૧,૦૦૦ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. દેશભરમાંથી પસંદ કરાયેલા નવા ભરતીઓ ભારત સરકાર હેઠળ ટ્રેન મેનેજર, સ્ટેશન માસ્ટર, સીનિયર કોમર્શિયલ કમ ટિકિટ ક્લાર્ક, ઈન્સ્પેક્ટર, સબ ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, સ્ટેનોગ્રાફર, જુનિયર એકાઉન્ટન્ટ, પોસ્ટલ આસિસ્ટન્ટ, ઈક્મ ટેક્સ ઈન્સ્પેક્ટર, ટેક્સ આસિસ્ટન્ટ, સિનિયર ડ્રાફ્ટ્સમેન, જેઈ/સુપરવાઈઝર, આસિસ્ટન્ટ પ્રોફેસર, શિક્ષક, ગ્રંથપાલ, નર્સ, પ્રોબેશનરી ઓફિસર્સ, PA, MTS, અને અન્યો જેવી વિવિધ જગ્યાઓ/પોસ્ટ્સમાં જોડાશે. નવા નિમણૂક પામેલા લોકો વિવિધ સરકારી વિભાગોમાં તમામ નવા નિમણૂકો માટે ઓનલાઈન ઓરિએન્ટેશન કોર્સ, કર્મયોગી પ્રારંભ દ્વારા પોતાની જાતને તાલીમ આપી શકશે. પ્રધાનમંત્રીના સંબોધન દરમિયાન ૪૫ સ્થળો મેળા સાથે જોડાયેલા હતા. સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ બૈસાખીના શુભ અવસર પર રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી. તેમણે નિમણૂક પત્ર મેળવવા બદલ ઉમેદવારો અને તેમના પરિવારજનોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે સરકાર વિકસિત ભારતના સંકલ્પો હાંસલ કરવા માટે યુવાનોની પ્રતિભા અને ઊર્જા માટે યોગ્ય તકો પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે NDA શાસિત રાજ્યોમાં ગુજરાતથી આસામ અને ઉત્તર પ્રદેશથી મહારાષ્ટ્ર સુધી સરકારી ભરતી માટેની પ્રક્રિયા ઝડપી ગતિએ ચાલી રહી છે. તેમણે નોંધ્યું કે ગઈકાલે જ મધ્યપ્રદેશમાં ૨૨,૦૦૦ થી વધુ શિક્ષકોને ભરતી પત્રો આપવામાં આવ્યા હતા. "આ રોજગાર મેળો દેશના યુવાનો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે." ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે તેની નોંધ લેતા પ્રધાનમંત્રીએ કહ્યું કે મંદી અને રોગચાળાના વૈશ્વિક પડકારો વચ્ચે વિશ્વ ભારતને એક તેજસ્વી સ્થાન તરીકે જોઈ રહ્યું છે. "આજનું નવું ભારત નીતિઓ અને વ્યૂહરચનાઓ સાથે આગળ વધી રહ્યું છે જેણે નવી શક્યતાઓ માટે દરવાજા ખોલ્યા છે", તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી, ભારતે અગાઉના સમયના પ્રતિક્રિયાત્મક વલણની વિરુદ્ધ સક્રિય અભિગમ અપનાવ્યો. "આના પરિણામે એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે જ્યાં ૨૧મી સદીના આ ત્રીજા દાયકામાં રોજગાર અને સ્વ-રોજગાર માટેની તકો જોવા મળી રહી છે જે અગાઉ અકલ્પનીય હતી. યુવાનો એવા ક્ષેત્રો શોધી રહ્યા છે જેનું અસ્તિત્વ દસ વર્ષ પહેલા પણ નહોતું", એમ પ્રધાનમંત્રીએ કહ્યું હતું. સ્ટાર્ટઅપ્સ અને ભારતીય યુવાનોના ઉત્સાહનું ઉદાહરણ આપતાં પ્રધાનમંત્રીએ એક અહેવાલનો ઉલ્લેખ કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે સ્ટાર્ટઅપ્સે ૪૦ લાખથી વધુ પ્રત્યક્ષ કે પરોક્ષ નોકરીઓનું સર્જન કર્યું છે. તેમણે ડ્રોન અને રમતગમત ક્ષેત્રનો રોજગારના નવા માર્ગ તરીકે પણ ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે "આત્મનિર્ભર ભારત અભિયાનની વિચારસરણી અને અભિગમ સ્વદેશી અને 'સ્થાનિક માટે અવાજ' અપનાવવાથી આગળ વધે છે. આત્મનિર્ભર ભારત અભિયાન એ ગામડાઓથી શહેરો સુધી રોજગારની કરોડો તકો ઊભી કરવાનું 'અભિયાન' છે." તેમણે સ્વદેશી બનાવટના આધુનિક ઉપગ્રહો અને અર્ધ-હાઈ-સ્પીડ ટ્રેનોના ઉદાહરણો આપ્યા. તેમણે કહ્યું કે ભારતમાં છેલ્લા ૮-૯ વર્ષોમાં ૩૦૦૦૦થી વધુ LHB કોચ બનાવવામાં આવ્યા છે. આ કોચ માટે ટેકનોલોજી અને કાચી સામગ્રીએ ભારતમાં હજારો નોકરીઓનું સર્જન કર્યું છે. ભારતના રમકડા ઉદ્યોગનું ઉદાહરણ આપતા પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું કે ભારતના બાળકો દાયકાઓ સુધી માત્ર આયાતી રમકડાંથી જ રમે છે. તેમણે એમ પણ જણાવ્યું કે રમકડાં ન તો સારી ગુણવત્તાના હતા અને ન તો ભારતીય બાળકોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે સરકારે આયાતી રમકડાંની ગુણવત્તાના માપદંડો માટે બેન્ચમાર્ક મૂક્યો છે અને સ્વદેશી રમકડા ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનું પણ શરૂ કર્યું છે. પરિણામે, પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે ભારતમાં રમકડા ઉદ્યોગનો ચહેરો સંપૂર્ણપણે બદલાઈ ગયો છે અને અસંખ્ય રોજગારીની તકો ઊભી કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી છે. ભારતમાં સંરક્ષણ સાધનોની માત્ર આયાત કરી શકાય તેવી પ્રચલિત દાયકાઓ જૂની માનસિકતાનો સામનો કરતા, પ્રધાનમંત્રીએ પ્રકાશ પાડ્યો કે સરકારે સ્વદેશી ઉત્પાદકો પર વિશ્વાસ રાખીને આ અભિગમમાં ફેરફાર કર્યો જેના પરિણામે સશસ્ત્ર દળોએ ૩૦૦ થી વધુ ઉપકરણો અને શસ્ત્રોની યાદી બનાવી જે ફક્ત ભારતમાં બનાવવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે સમગ્ર વિશ્વમાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના સંરક્ષણ સાધનોની નિકાસ કરવામાં આવી રહી છે. શ્રી મોદીએ છેલ્લા કેટલાક વર્ષોમાં મોબાઈલ ફોન ઉત્પાદન ક્ષેત્રે કરેલી પ્રગતિનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરીને અને તેના માટે પ્રોત્સાહનો આપીને, ભારતે ઘણું વિદેશી હૂંડિયામણ બચાવ્યું કારણ કે ભારત હવે સ્થાનિક માંગને પહોંચી વળવા સાથે મોબાઈલ હેન્ડસેટની નિકાસ કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ રોજગાર નિર્માણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે મૂડી ખર્ચ પર ભાર મૂકવાથી રસ્તાઓ, રેલવે, બંદરો અને ઈમારતો જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રોજગારીની સંભાવનાઓ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે વર્તમાન સરકારના કાર્યકાળ દરમિયાન મૂડી ખર્ચ ચાર ગણો વધ્યો છે. ૨૦૧૪ પહેલા અને પછીના વિકાસનું ઉદાહરણ આપતા પ્રધાનમંત્રીએ ભારતીય રેલવેનો ઉલ્લેખ કર્યો અને નિર્દેશ કર્યો કે ૨૦૧૪ પહેલાના સાત દાયકાઓમાં માત્ર ૨૦,૦૦૦ કિલોમીટર રેલવે ટ્રેકનું વિદ્યુતીકરણ થયું હતું, જ્યારે ૪૦,૦૦૦ કિલોમીટર રેલવે લાઈનોનું વિદ્યુતીકરણ છેલ્લા ૯ વર્ષ થયું હતું. તેમણે એ પણ માહિતી આપી હતી કે મેટ્રો રેલ લાઈન નાખવાનું પ્રમાણ ૨૦૧૪ પહેલા દર મહિને ૬૦૦ મીટર હતું તે વધીને આજે ૬ કિલોમીટર પ્રતિ માસ થયું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ૨૦૧૪ પહેલા દેશમાં ગેસ નેટવર્ક ૭૦ કરતા ઓછા જિલ્લાઓ સુધી મર્યાદિત હતું, જ્યારે આજે આ સંખ્યા વધીને ૬૩૦ જિલ્લાઓ સુધી પહોંચી ગઈ છે. ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓની લંબાઈ વિશે બોલતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ૨૦૧૪ પછી તેમાં ૪ લાખ કિલોમીટરથી વધીને ૭ લાખ કિલોમીટર સુધીનો વધારો જોવા મળ્યો છે. "જ્યારે રસ્તાઓ ગામડાઓ સુધી પહોંચે છે, ત્યારે તે સમગ્ર ઈકોસિસ્ટમમાં ઝડપી રોજગાર સર્જન તરફ દોરી જાય છે", તેમ તેમણે ઉમેર્યું હતું. ઉડ્ડયન ક્ષેત્ર વિશે બોલતા શ્રી મોદીએ માહિતી આપી હતી કે ૨૦૧૪માં એરપોર્ટની સંખ્યા ૭૪ હતી જે આજે વધીને ૧૪૮ થઈ ગઈ છે. તેમણે એરપોર્ટ કામગીરીની રોજગાર સંભવિતતા પર પણ ધ્યાન દોર્યું હતું. તેમણે એર ઈન્ડિયા દ્વારા એરક્રાફ્ટ માટે રેકોર્ડ ઓર્ડર અને કેટલીક અન્ય કંપનીઓની સમાન યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. પોર્ટ સેક્ટરમાં પણ આવી જ પ્રગતિ જોવા મળી રહી છે, તેમણે જણાવ્યું હતું કે, ભૂતકાળની સરખામણીમાં કાર્ગો હેન્ડલિંગ બમણું થયું છે અને સમય ઘટીને અડધો થઈ ગયો છે. આ વિકાસથી મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે. આરોગ્ય ક્ષેત્ર તરફ વળતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલા દેશમાં ૪૦૦ થી ઓછી મેડિકલ કોલેજો હતી, આજે ૬૬૦ મેડિકલ કોલેજો છે. તેવી જ રીતે, અંડરગ્રેજ્યુએટ મેડિકલ સીટ ૨૦૧૪માં ૫૦ હજારથી વધીને ૧ લાખથી વધુ થઈ ગઈ છે અને આજે સ્નાતક થયેલા ડોકટરોની સંખ્યા બમણીથી વધુ છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં FPO s અને SHGsને લાખો કરોડની સહાય મળી રહી છે, સંગ્રહ ક્ષમતા વધારવામાં આવી રહી છે, ૨૦૧૪ પછી ૩ લાખથી વધુ સામાન્ય સેવા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે, ૬ લાખ કિલોમીટરથી વધુ ઓપ્ટિકલ ફાઈબર નાખવામાં આવ્યા છે. ગામડાઓમાં, PMAY હેઠળના ૩ કરોડ ઘરોમાંથી ૨.૫ કરોડથી વધુ ઘરો ગામડાઓમાં બાંધવામાં આવ્યા છે, ૧૦ કરોડથી વધુ શૌચાલય, ૧.૫ લાખથી વધુ વેલનેસ સેન્ટર અને કૃષિ ક્ષેત્રમાં યાંત્રિકરણ વધ્યું છે. "આ બધાએ મોટા પાયે રોજગારીની તકો ઊભી કરી છે", તેમ તેમણે કહ્યું હતું. શ્રી મોદીએ વધતી જતી ઉદ્યોગસાહસિકતા અને નાના ઉદ્યોગોને હાથ ધરવા પર પણ સ્પર્શ કર્યો. તેમણે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો ઉલ્લેખ કર્યો જેણે તાજેતરમાં ૮ વર્ષ પૂર્ણ કર્યા. યોજના હેઠળ રૂ. ૨૩ લાખ કરોડથી વધુની બેંક ગેરંટી-મુક્ત લોનનું વિતરણ કરવામાં આવ્યું છે અને ૭૦ ટકાથી વધુ લાભાર્થીઓ મહિલાઓ છે. "આ યોજનાએ ૮ કરોડ નવા ઉદ્યોગ સાહસિકો બનાવ્યા છે. આ એવા લોકો છે જેમણે મુદ્રા યોજનાની મદદથી પ્રથમ વખત પોતાનો વ્યવસાય શરૂ કર્યો છે," તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે પાયાના સ્તરે અર્થતંત્રને શક્તિ આપવા માટે માઈક્રો-ફાઈનાન્સની શક્તિ પર પણ પ્રકાશ પાડ્યો હતો. આજે જેમને તેમના નિમણૂક પત્રો મળ્યા છે તેમને તેમના સંબોધનનું નિર્દેશન કરતાં, પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે આ દેશના વિકાસમાં યોગદાન આપવાની તક છે જ્યારે રાષ્ટ્ર ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે. "આજે તમે એક સરકારી નોકર તરીકે તમારી સફરની શરૂઆત કરી રહ્યા છો, પ્રધાનમંત્રીએ આગળ જણાવ્યું, "આ પ્રવાસમાં, વ્યક્તિએ હંમેશા તે બાબતો યાદ રાખવી જોઈએ જે તમે એક સામાન્ય નાગરિક તરીકે અનુભવતા હતા." સરકાર તરફથી નવા નિમણૂકોની અપેક્ષાઓ નોંધતા, પ્રધાનમંત્રીએ પ્રકાશિત કર્યું કે હવે અન્યની અપેક્ષાઓ પૂર્ણ કરવાની તેમની જવાબદારી છે. "તમારામાંથી દરેક તમારા કામ દ્વારા એક યા બીજી રીતે સામાન્ય માણસના જીવનને અસર કરશે", તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કામ પર સકારાત્મક અસર ઊભી કરવા અને સામાન્ય માણસના જીવનમાં સુધારો કરવા માટે પ્રયત્નો કરવા જોઈએ. સંબોધન સમાપ્ત કરતાં, પ્રધાનમંત્રીએ નવા નિમણૂકોને તેમની શીખવાની પ્રક્રિયાને વિરામ ન આપવા વિનંતી કરી અને કહ્યું કે કંઈક નવું જાણવા અથવા શીખવાની પ્રકૃતિ કાર્ય અને વ્યક્તિત્વ બંનેમાં પ્રતિબિંબિત થાય છે. તેમણે ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ iGOT કર્મયોગી સાથે જોડાઈને તેમની કુશળતાને અપગ્રેડ કરવાની સલાહ પણ આપી.

# અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાનું નવમું અધિવેશન પ્રથમવાર ગુજરાતમાં યોજાશે.

**૧૬મી એપ્રિલે ત્રિ- મંદિર, અડાલજ ખાતે યોજાનાર અધિવેશનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સહિત દેશભરમાંથી આંજણા સમાજના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.**





કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાનું નવમું અધિવેશન પ્રથમવાર ગુજરાતમાં ૧૬મી એપ્રિલે દાદા ભગવાન, ત્રિ- મંદિર, અડાલજ ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજાનાર છે. આ અધિવેશનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સહિત ૧૨ રાજયોના દેશભરમાંથી આંજણા સમાજના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના અધ્યક્ષ શ્રી વીરજીભાઈ જુડાલ અને મહામંત્રી શ્રી જોગારામ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમવાર યોજાનાર આ મહાઅધિવેશન કર્તવ્યનિષ્ઠ શેઠ શ્રી હરીભાઈ વી. ચૌધરી (સંરક્ષક)ના ૭૫ વર્ષ પૂર્ણ થતાં તેમના યજમાન પદે યોજાઈ રહ્યું છે. મહાઅધિવેશનમાં શ્રી ૧૦૮ મહંત શ્રી દયારામજી મહારાજ શિકારપુર (રાજસ્થાન), રાજસ્થાનના મંત્રી શ્રી અમરારામ ચૌધરી, જાલોર-રાજસ્થાનના સાંસદ શ્રી દેવજીભાઈ પટેલ, બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, પૂર્વ સાંસદ શ્રી ઉદયલાલ આંજણા, બનાસકાંઠાના પૂર્વ કેન્દ્રીય રાજયમંત્રી શ્રી હરિભાઈ ચૌધરી તથા લૂણી- રાજસ્થાનના ધારાસભ્ય શ્રી જોગારામ પટેલ, ખેરાલુંના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી સહિત આંજણા સમાજના પૂર્વ ધારાસભ્યો- રાજકીય અને સામાજિક અગ્રણીઓ હાજર રહેશે. મહાસભાના ઉપપ્રમુખ શ્રી ભવરસિંહ આંજણા- ઉજ્જૈન તથા ભીમારામ પટેલ, બેંગ્લોર (કર્ણાટક) સહિત વિવિધ રાજયોના વિશાળ સંખ્યામાં અગ્રણીઓ હાજરી આપવાના હોવાથી આ કાર્યક્રમને સફળ બનાવવા અધિવેશનની તડામાર તૈયારીઓ અને વ્યવસ્થા માટે ગાંધીનગર અને અમદાવાદ ચૌધરી શહેર સમાજ તથા ગાંધીનગર મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અગ્રણીઓ વિવિધ જવાબદારીઓ નિભાવી રહ્યા છે.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકારના રેલવે, પોસ્ટ, બેંક, આયકર, ઉદ્યોગ વિભાગમાં મળી રોજગારી

## રાજકોટમાં યોજાયેલ રોજગાર મેળામાં ૧૯૧ ઉમેદવારોને સરકારી નોકરીના નિમણુંક પત્રોના વિતરણ





કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં દેશના ૭૧ હજારથી વધુ ઉમેદવારોને કેન્દ્રની સરકારી નોકરી માટેના નિમણુંક પત્ર વિતરણનો કાર્યક્રમ દેશના ૪૫ સ્થળોએ યોજાયો હતો. આ શૃંખલા અન્વયે સૌરાષ્ટ્ર કક્ષાનો રોજગાર મેળો કેન્દ્રીય મંત્રીશ્રી પુરુષોત્તમ રૂપાલાના અધ્યક્ષસ્થાને રાજકોટના જગજીવનરામ સીનીયર રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કોઠી કમ્પાઉન્ડ ખાતે યોજાયો હતો. જેમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વક્તવ્યનું જીવંત પ્રસારણ કરાયું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રીએ કહ્યું હતુ કે દેશના યુવાનોને દરેક ક્ષેત્રે રોજગારી મળે તે માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારે અનેક પ્રયાસો કર્યા છે. જેના ભાગરૂપે લાખો યુવાનો રોજગારી મેળવી રહ્યા છે. અનેક ક્ષેત્રની કાયાપલટ કરી રોજગારીની તકો યુવાનો માટે નિર્માણ કરાઈ છે. મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી પરષોતમ રૂપાલાએ રેલવે, પોસ્ટ, બેંક, આયકર, ઉદ્યોગ વિભાગમાં વિવિધ પદો પર નોકરી મેળવનાર ૧૯૧ ઉમેદવારોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે આ રોજગાર મેળા થકી લાખો યુવાનોને રોજગારી આપવાનું કામ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થઈ રહ્યું છે. દેશના વિકાસની ધોરી નસ ભારતીય રેલવેને માનવામાં આવે છે, એટલે જ રેલવેને રોજગાર મેળામાં આયોજક બનાવાયું છે. દેશમાં સ્વચ્છતામાં અને રોજગારી આપવામાં રેલવે મોખરે છે. દેશના અમૃત કાળનો પ્રારંભ થયો છે ત્યારે આ મોકાનો લાભ લઈને દેશસેવામાં પ્રવૃત્ત થવા મંત્રી શ્રી

### સરકારી સેવામાં 'નેશન ફર્સ્ટ'નો હેતુ રાખવા નવ નિયુક્ત ઉમેદવારોને કેન્દ્રીય મંત્રીશ્રી પુરૂષોતમભાઈ રૂપાલાનું સૂચન

રૂપાલએ નવનિયુકત ઉમેદવારોને અનુરોધ કરતાં કહ્યું હતું કે આપણો દેશે વિશ્વમાં પોતાની અલગ ઓળખ પ્રસ્થાપિત કરી ચૂકયો છે. ભારતમાં યોજાયેલ જી-૨૦ સમિટમાં વિશ્વના અગ્રણી ૨૦ દેશો જોડાયા હતા. હાલની સરકાર દ્વારા ઝડપથી પારદર્શક અને ઓનલાઈન ભરતી થઈ રહી છે જેનું જીવંત ઉદાહરણ આજે થયેલ ભરતી છે. "નેશનલ ફર્સ્ટ" સૌની સેવાનો હેતુ રહેવો જોઈએ. સૌના સાથ- સહકારથી રાષ્ટ્ર ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ મંત્રીશ્રીએ નવનિયુકત ઉમેદવારોને પાઠવી હતી. આ તકે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા અને શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ મેયર ડો. પ્રદીપ ડવ ,પૂર્વ મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, રોજગારી મેળવનાર યુવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, બોમ્બે (IIT-Bombay) સાથે હાથ મિલાવ્યા છે જેથી લોકો કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે મજબૂત ટચલેસ બાયોમેટ્રિક કૅપ્ચર સિસ્ટમ વિકસાવી શકે. એમઓયુના ભાગરૂપે, યુઆઈડીએઆઈ અને આઈઆઈટી બોમ્બે કેપ્ચર સિસ્ટમ સાથે સંકળાયેલ લાઈવનેસ મોડલ સાથે ફિંગરપ્રિન્ટ્સ માટે મોબાઈલ કેપ્ચર સિસ્ટમ બનાવવા માટે સંયુક્ત રીતે સંશોધન હાથ ધરશે. ટચલેસ બાયોમેટ્રિક કેપ્ચર સિસ્ટમ, એકવાર વિકસિત અને ચાલુ થઈ જાય, તે ઘર આધારિત ચહેરાના પ્રમાણીકરણ તેમજ ફિંગરપ્રિન્ટ પ્રમાણીકરણને સક્ષમ કરશે. નવી સિસ્ટમ એક સમયે બહુવિધ ફિંગરપ્રિન્ટ્સ કેપ્ચર કરશે અને પ્રમાણીકરણ સફળતા દરમાં વધુ સહાય કરશે તેવી અપેક્ષા છે. એકવાર નવી સિસ્ટમ લાગુ થઈ ગયા પછી, આધાર ઈકોસિસ્ટમમાં ઉપલબ્ધ હાલની સુવિધાઓમાં વધારો કરવામાં આવશે. આવી સિસ્ટમ સિગ્નલ/ઈમેજ પ્રોસેસિંગ અને મશીન લર્નિંગ/ડીપ લર્નિંગના બુદ્ધિશાળી સંયોજનનો ઉપયોગ કરશે જે સામાન્ય મોબાઈલ ફોન સાથે મોટા ભાગના નાગરિકો માટે સારા વપરાશકર્તા અનુભવ સાથે ઉપલબ્ધ છે. યુનિવર્સલ ઓથેન્ટિકેટરને વાસ્તવિકતા બનાવવાની દિશામાં આ એક આગલું પગલું હશે. UIDAI અને IIT બોમ્બે વચ્ચે UIDAI માટે સિસ્ટમ વિકસાવવા માટે તેના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ઈન્ટરનલ સિક્યોરિટી ટેક્નોલોજી (NCETIS)ના સહયોગથી સંશોધન અને વિકાસ (R&D)માં સંયુક્ત જોડાણ થશે. NCETIS એ તેના ફ્લેગશિપ ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ IIT બોમ્બે અને ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયની સંયુક્ત પહેલ છે. NCETIS ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ડિઝાઈન અને ઉત્પાદનના વ્યાપક ક્ષેત્રોમાં આંતરિક સુરક્ષા દળો માટે સ્વદેશી ટેકનોલોજી સોલ્યુશન્સ વિકસાવવાનું લક્ષ્ય રાખે છે.

# રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ અંજના પવારે જિલ્લાના સફાઈ કર્મચારીઓની પરિસ્થિતિની સમીક્ષા કરી

### બેઠકમાં સેફ્ટી કિટ, આવાસ, મેડિકલ કેમ્પ, જેવી જરૂરી સુવિધાઓ સમયસર અને સચોટ કરવા સૂચનો કર્યા



કમલમ્ ન્યુઝ,વલસાડ

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય ભારત સરકારના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પવારે તાજેતરમાં જ ઉમરગામના સોળસુંબામાં ગટર સફાઈ વખતે બનેલી દુર્ઘટના અંગે ૧૨મી એપ્રિલના રોજ વલસાડ જિલ્લાની મુલાકાત લઈ કલેક્ટર કચેરીના સભાખંડમાં સમીક્ષા બેઠક કરી હતી. સફાઈ કર્મચારીઓ તથા તેમના આશ્રિતોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક જીવનનું અધ્યયન કરવા, તેમના પુર્નવાસ માટે સ્વરોજગાર યોજના અને ગટર ગુંગળામણથી સફાઈ કર્મચારીઓના મૃત્યુની ઘટના સબંધિત બેઠકમાં વલસાડ જિલ્લાની પાંચેય વલસાડ, વાપી, ધરમપુર, ઉમરગામ અને પારડી નગરપાલિકાના સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. તેમજ મહિલા સમૃધ્ધિ અને માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજનાના સાત જેટલા લાભાર્થીઓને રૂ. ૧ લાખના સહાયના ચેકોનું વિતરણ કર્યું હતું. બેઠકમાં આયોગના ઉપાધ્યક્ષે દરેક પાલિકા દ્વારા સફાઈ કર્મચારીઓને સેફ્ટી કીટ કે જેમાં ગ્લોવ્ઝ, યુનિફોર્મ, સિઝન મુજબ રેઈનકોટ વગેરે તેમજ દરેક કર્મચારીનું સમયસર મેડિકલ ચેકઅપ થાય છે કે નહીં, નિવૃત થયેલા કર્મચારીઓને પેન્શન અને ગ્રેડ્જ્યુઈટી સમયસર મળી રહી છે કે નહીં, નિવૃત થનારા કર્મચારીઓના પેન્શનની કામગીરી, પગાર અને પીએફ સમયસર જમા થાય છે કે કેમ, તેમજ તેમને આવાસોની સુવિધા વગેરેની સમીક્ષા કરી હતી. તેમજ આ સફાઈ કર્મચારીઓ માટે દર ત્રણ મહિને ફુલ બોડી ચેકઅપ કરાવવા માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવા, જે પાલિકાના સફાઈ કર્મચારીઓ પાસે આવાસની વ્યવસ્થા નથી તેમના માટે પગલા લઈ આવાસની વ્યવસ્થા ઉભી કરવાની પ્રક્રિયા શરૂ કરવા, મહિલા અને પુરુષ કર્મચારીઓ માટે ચેન્જિંગ રૂમની વ્યવસ્થા ઉભી કરવા, સફાઈ કર્મચારીઓને એમની કામગીરીમાં જરૂરી દરેક સુવિધાઓ મળે તેની કાળજી રાખવા તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે દરેક સફાઈ કર્મચારીઓના આઈ કાર્ડ બનાવી તેમાં તેમના બ્લડ ગૃપનો ઉલ્લેખ કરવા પણ સૂચનો કર્યા હતા. સાથે સાથે ઉમરગામમાં થયેલી દુર્ઘટના હવે પછી ભવિષ્યમાં ન બને તેની પણ તકેદારી રાખવાસૂચન કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, સફાઈ કર્મચારી એમના સ્વાસ્થ્યને જોખમમાં મુકી સ્વચ્છતાનું શ્રેષ્ઠ કાર્ય કરે છે. આ કાર્ય બદલ એમનું પુરતું સન્માન કરવું આપણી ફરજ છે. આ સફાઈ કર્મચારીઓની નાની પરંતુ મૂળભૂત સમસ્યાઓનું નિરાકરણ લાવવાથી એમના જીવનમાં ઘણી સરળતા આવી શકે એમ છે. એમએસટી એક્ટ-૨૦૧૩ હેઠળ કર્મચારી પાસે ગટરમાં અંદર ઉતરીને સફાઈ કામગીરી કરાવવી એ સજાપાત્ર ગુનો બને છે તેથી આ એક્ટ હેઠળ રહીને જ સફાઈ કામગીરી કરાવવી. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના નેજા હેઠળ આવતા સફાઈ કર્મચારી આયોગ દ્વારા સફાઈ કર્મચારીઓના અશ્રિતો માટે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે કાર્ય કરે છે. તેના માટે આ આયોગ નવો ધંધો શરૂ કરવા ૧ લાખની આર્થિક સહાય, કર્મચારીઓના બાળકો માટે વિદેશમાં શિક્ષણ અર્થે રૂ. ૨૦ લાખ અને દેશમાં શિક્ષણ માટે રૂ.૧૦ લાખ સુધીની નજીવા વ્યાજદરે લોન આપે છે.

કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ ઉપાધ્યક્ષશ્રીએ કરેલા સૂચનો અંગે વહીવટી તંત્ર જરૂરી પગલા લઈ સફાઈ કર્મચારીઓને સહાયરૂપ થતી કામગીરી કરશે તેમજ દર ત્રણ મહિને યોજાતી બેઠકમાં હવેથી સફાઈ કર્મચારીઓની સમસ્યાઓને લગતા પ્રશ્નો પણ આવરી લેવામાં અવશે એમ જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાની, નિવાસી અધિક કલેક્ટરશ્રી અનસુયા ઝા, પ્રોબેશનરી આઈએએસ નિશા ચૌધરી, નાયબ પોલીસ અધિક્ષક એ.કે.વર્મા, વલસાડ ધરમપુરના પ્રાંત અધિકારી નિલેશ કુકડીયા અને કેતુલ ઈતાલીયા, દરેક નગરપાલિકાના અધિકારીઓ અને ચીફ ઓફિસરો સહિત અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેત્રંગમાં ૯ લાખના ખર્ચ બનેલ રસ્તાનું ધારાસભ્યએ લોકાર્પણ કર્યું

**ગ્રામજનોમાં આનંદ, સંગઠનના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.**



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

નેત્રંગ તાલુકા મથકના જીનબજારથી માર્કેટયાર્ડ સુધીનો રસ્તા બિસ્માર હાલતમાં હતા.વરસાદી પાણી ભરાતા માર્કેટયાર્ડમાં માલધારી વાહનોને અવરજવર કરવા ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.સ્થાનિક રહીશોએ રસ્તાના નવીનીકરણ માટે અનેકોવાર રજુઆત કરવા છતાં પરીણામ શુન્યું રહ્યું હતુ.પરંતુ નેત્રંગ ગ્રા.પંચાયતમાં સત્તા પરિવર્તન થયા બાદ સરપંચ હરેન્દ્રસિંહ દેશમુખ અને ગ્રા.પંચાયતના સભ્યો રસ્તાના નવીનીકરણનું બિડું ઉપાડ્યું હતું.જેમા નેત્રંગ ગ્રા.પંચાયત હસ્તક રૂ.૯ લાખના ખર્ચે સીસી રસ્તાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.જેનું ઝઘડીયાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવતા ગ્રામજનોમાં આનંદ વ્યાપી જવા માંડયો હતો.જે દરમિયાન સરપંચ,સભ્યો અને જીલ્લા-તાલુકા પંચાયતના સભ્યો સહિત સંગઠનના હોદ્દેદાર અને ગ્રામજનો જોડાયા હતા.

# સુરત ખાતે યોજાયેલ પ્રાકૃતિક Foodexpo 2023 મા ડાંગી ઉત્પાદનોની ધૂમ



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

હાલ સુરત ખાતે ગોપીન ગામ મુકામે પ્રાકૃતિક Foodexpo 2023 ચાલી રહ્યો છે. જેના ઉદઘાટક મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી હતા. જેમાં સમગ્ર ગુજરાત તથા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ખેડૂતો દ્વારા પકવેલ પ્રાકૃતિક ઉત્પાદનો નું પ્રદર્શન અને વેચાણ ચાલુ છે. ડાંગ જિલ્લાના પ્રાકૃતિક પેદાશો સુરતી લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. જેમાં સ્વાસ્થ્યવર્ધક નાગલી, નાગલીની બનાવટો, વિવિધ પ્રકારના ચોખાઓ અને દાળ સુરતી લોકોને લુભાવી રહ્યા છે. આ foodexpo મેળો 14 એપ્રિલ સુધી ચાલશે.

# બાળકોના સ્વસ્થ આરોગ્ય માટે કટિબદ્ધ સરકાર, વિવિધ યોજનાઓ થકી રાખે છે દરકાર

### મોરબી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ગત વર્ષે ૧૬૫૭૪ બાળકોનું સંપુર્ણ રસીકરણ કરાયું







### ૧૭૨૬૫૪ બાળકોની તબીબી તપાસ કરી ૧૭૦ થી વધુ બાળકોને વિનામુલ્યે અદ્યતન સારવાર અપાઈ

કમલમ્ ન્યુઝ,મહેશ ડી સિઘવ

આજનું બાળક એ આવતી કાલનું ભવિષ્ય છે, સરકાર દ્વારા બાળકોના સ્વસ્થ આરોગ્ય માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા છે જે થકી બાળકોની તંદુરસ્તી, પોષણ, રસીકરણ, સારવાર વગેરેનું ધ્યાન રાખવામાં આવે છે. મોરબી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પણ બાળકોના સ્વાસ્થ્યની કાળજી રાખી તેમની સતત ચિંતા કરવામાં આવે છે, જે થકી જિલ્લાના બાળ મૃત?યુ દરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કવિતાબેન દવેએ જણાવ્યું હતું કે, ‘‘બાળકના સારા સ્વાસ્થ્ય માટે આજના સમયે રસીકરણ ખૂબ અગત્યનું છે. બાળકના જન્મ બાદ નિયત સમયે ધનુર, ઓરી, પોલીયો વગેરે જેવી બિમારીઓને રોકવા માટે રસી આપવામાં આવે છે. ગત વર્ષે જિલ્લામાં ૧૬૫૭૪, બાળકોનુ સંપુર્ણ રસીકરણ કરવામાં આવ્યું છે. માતા અને બાળકને ઘર આંગણે વિના મુલ્?યે જરૂરી સેવાઓ મળી રહે તે માટે જિલ્?લાના તમામ ગામોમાં નકકી કરેલા ચોકકસ બુધવારે અને પ્રાથમિક આરોગ્?ય કેન્?દ્ર અને સામુહીક આરોગ્?ય કેન્?દ્ર ખાતે દર સોમવારે મમતા દિવસ ઉજવવામાં આવે છે. જેમાં સગર્ભા માતાની આરોગ્?ય તપાસ, ધનુરની રસી, શકિતની ગોળીઓ મફત આપવામાં આવે છે. તેમજ બાળકોને તમામ રસીઓ મફત આપવામાં આવે છે. ઉપરાંત તમામ લાભાર્થીઓને આરોગ્?ય શિક્ષણ આપવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન મમતા દિવસ અંતર્ગત ૧૭૭૦૦ સગર્ભાઓ તેમજ ૧૬૫૭૪ બાળકોને વિવિધ સેવાઓ આપવામાં આવી છે. બાળકમાં રહેલ સામાન્?ય બિમારીની શોધ માટે બિમાર બાળકોને નિષ્?ણાંત ડોકટરો પાસે સંદર્ભ સેવાઓ આપવા માટે અને ગંભીર બિમારીવાળા બાળકોને સુપર સ્?પેશિયાલીસ્?ટ સેવાઓ મફત મળી રહે તે માટે શાળા આરોગ્?ય કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જિલ્લા આર.સી.એચ.અધિકારીશ્રી ડૉ.વિપુલ કારોલીયાએ જણાવ્યું હતું કે, ‘‘મોરબી જિલ્લામાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષ દરમિયાન ૧૭૨૬૫૪ બાળકોની તબીબી તપાસણી કરવામાં આવી છે. જે થકી હદયની બિમારીવાળા ૬૭ બાળકો, કીડનીની બિમારીવાળા ૧૬ બાળકો તેમજ કેન્?સરની બિમારીવાળા ૧૪ બાળકોને સુપર સ્?પેશિયાલીસ્?ટ સારવાર અમદાવાદ ખાતે મફત આપીને આવા બાળકોની જીંદગી બચાવી લેવામાં આવી છે. ઉપરાંત ક્લેપ લીપ/પેલેટ બિમારી વાળા ૩૧ બાળકો અને ક્લબ ફુટ વાળા ૪૨ બાળકોને વિનામુલ્?યે ઓપરેશન સારવાર આપવામાં આવી છે’’. બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવા માટે મિશન બલમ સુખમ અંતર્ગત ગુજરાત સરકારશ્રી દ્વારા તાલુકા કક્ષાએ બાળ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસરશ્રીડૉ.હસમુખ રંગપરીયા એ જણાવ્યું હતું કે, હાલ મોરબી જિલ્?લામાં આવા કુલ ૪ કેન્દ્રો આવેલછે. જેમાંડીસ્ટ્રીકટ હોસ્પિટલ મોરબી ખાતે-૧ જિલ્લાની સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલોમાં ૨ અને સામુહીક આરોગ્ય કેન્દ્રમાં ૧ બાળ સેવા કેન્?દ્ર કાર્યરત છે. બાળકોને પુરતુ પોષણ મળી રહે અને કોઈ બાળક કુપોષિત રહે તે માટે પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ પોષણક્ષમ આહાર માટે મોરબી જિલ્લામાં ગત વર્ષે કુલ ૯૨૧૩ જેટલા લાભાર્થીઓને પ્રત્યેકને ૫ હજાર મળી કુલ ૪.૬૦ કરોડથી વધુની સહાય ચુકવવામાં આવી છે’’.

# આહવા તાલુકામા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસની ઉજવણી કરાઈ




કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ચેતના સંસ્થા અમદાવાદ અને લાર્સન એન્ડ ટુબ્રો પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તેમજ આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ વિભાગ સાથે સહભાગિતા અને સંકલન સાથે "આરોગ્ય" કાર્યક્રમ અંતર્ગત આહવા તાલુકામા રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસની ઉજવણી કરવામા આવી હતી. તા.૧૧ એપ્રિલના રોજ કસ્તુરબા ગાંધીની વર્ષગાંઠ ઉજવવામા આવે છે. તેથી આ દિવસને રાષ્ટ્રીય સલામત માતૃત્વ દિવસ તરીકે જાહેર કરવામા આવ્યો છે. જેનો ઉદ્દેશ્ય મહિલાઓને યોગ્ય આરોગ્ય સંભાળ અને પ્રસુતિ સુવિધા વિશે જાગૃતિ લાવવી, તેમજ દર વર્ષે સ્ત્રીઓ અને બાળકોની પ્રગતિ માટે ઝુંબેશ હાથ ધરવાનો છે. ગર્ભાવસ્થા અને બાળજન્મ, સલામત અને સ્વસ્થ રહેવાની જરૂરી સંભાળ તમામ મહિલાઓને મળે તે સુનશ્ચિત કરવા માટે આ દિવસની ઉજવણી કરવામા આવે છે. ચેતના સંસ્થા દ્વારા આયોજિત "આરોગ્ય" કાર્યક્રર્મ ડાંગ જિલ્લા આયુષ મેડિકલ ઓફિસર, આરોગ્ય કર્મચારીઓ દ્વારા સલામત બાળ જન્મ માટેની યાત્રા વિષે સમજ આપવામા આવી. સાથે સગર્ભાવસ્થા દરમિયાન ૧ થી ૯ મહિના સુધી દેખરેખ, સંભાળ અને સગર્ભા અવસ્થા દરમિયાન આરોગ્ય તપાસ, અને દરેક તપાસનુ મહત્વ વિષે સગર્ભા મહિલાઓને માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ.

# પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના નાંદરખા ખાતે કલેકટરશ્રી આશિષ કુમારની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઇ

### સ્વાસ્થ્ય, પાણી, શિક્ષણ, રસ્તા સહિતના પ્રશ્નો બાબતે જરૂરી કાર્યવાહી કરવા સંબંધીતોને કર્યો અનુરોધ



**જિલ્લા વહીવટીતંત્ર અને વ્યવસ્થાતંત્ર એકબીજા સાથે સંકલન સાથી, સરકારશ્રીની વિવિધ યોજનાઓ અમલીકરણ બને અને વિવિધ પ્રશ્નોનું નિરાકરણ આવે તે દિશામાં કામ કરીશું - જિલ્લા કલેકટરશ્રી**

કમલમ્ ન્યુઝ,રાવ બીજેન્દ્ર યાદવ

પંચમહાલ જિલ્લાના કલોલ તાલુકાના નાંદરખાખાતે કલેકટરશ્રી આશિષ કુમારની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઈ હતી.આ સભામાં ગામના લોકો મોટી સંખ્યામાં જોડાયા અને યોજનાકીય બાબતો અને પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ હતી. આ સાથે સ્થળ પર જ વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રીએ આંગણવાડી, શિક્ષણ અને નાના બાળકો વિશે વાત કરતા જણાવ્યું હતું કે નાના બાળકો આવતીકાલનુ ભવિષ્ય છે જેમાં આંગણવાડી મહત્વપૂર્ણ રોલ ભજવી શકે છે. દરેક નાના બાળક સુધી બાળશક્તિ સહિતની પોષણ સહાય મળે રહે તે જરૂરી છે. આપણે સૌકોઈએ સાથે મળીને કુપોષણ નાબૂદી તરફ આગળ વધવું જોઈએ.કિશોરીઓ,ધાત્રીમાતાઓને તમામ પ્રકારની સહાય અને પોષણ મળી રહે તે જરૂરી છે. તેમણે વહીવટીતંત્ર, વ્યવસ્થાતંત્ર એકબીજા સાથે વાર્તાલાપ કરી સરકારશ્રીની વિવિધ યોજનાઓઅમલીકરણ બને તથા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ આવે તે દિશામાં આગળ વધીશું. સરકારશ્રીની નવીન યોજનાઓ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે અને તેનો લાભ મળે તેવા પ્રયાસો કરાશે.

આ સાથે તેમણે લોકોને તાલુકા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ વિશે માહિતી પીરસી હતી. તેમણે દરેક ગામમાં લાઈબ્રેરી ઊભી કરવામાં આવે તેવો અભિગમ દર્શાવ્યો હતો.આ સાથે જિલ્લા કલેકટરશ્રીએ ગ્રામપંચાયત ખાતે તલાટી દફતરની સામાન્ય તપાસણી કરી નિભાવવાના રજીસ્ટર વગેરેની જાત ચકાસણી કરી સબંધિત તમામને જરૂરી સુચનાઓ આપી હતી. આ પ્રસંગે વિવિધ વિભાગોમાંથી ઉપસ્થિત અધિકારીશ્રીઓએ સરકારશ્રીની ચાલતી વિવિધ યોજનાઓ અને તેના લાભ વિશે ગ્રામલોકોને માહિતી આપી હતી.જેમાં આરોગ્ય, ખેતીવાડી, બાગાયત, પશુપાલન, આઈ.સી.ડી.એસ, શિક્ષણ લગતી યોજનાઓ, ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અને તેનું મહત્વ વિશે સમજાવતાં વિસ્તૃત માહિતી પૂરી પડાઈ હતી.વેજલપુર પોલીસ અધિકારીશ્રી દ્વારા સાયબર ક્રાઈમ અને જાગૃતિ બાબતે માહિતી રજૂ કરી હતી.મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ લોકોને માહિતી અપાઈ હતી. આ તકે પ્રાંત અધિકારીશ્રી ગોધરા દ્વારા ગ્રામલોકોને રાશન, શિક્ષણ, આંગણવાડી, મધ્યાહનભોજન બાબતે પ્રશ્નોતરી કરી જવાબ મેળવ્યા હતા. ગ્રામસભાએ સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. લોકોના દ્વારે પ્રજાના પ્રશ્નો સાંભળવા અને મુશ્કેલીઓદૂર કરવારાત્રી અને દિવસીય ગ્રામસભાઓ યોજવામાં આવે છે. આ રાત્રી સભામાં પ્રાંત અધિકારીશ્રી ગોધરા,નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત સબંધીત વિભાગોના અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય સરકારના સ્વાગત કાર્યક્રમ ના વીસ વર્ષ પુર્ણ થતા ‘સ્વાગત સપ્તાહ’ ની ઉજવણી કરાશે

### મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને જિલ્લામા શ્રેણીબદ્ધ ફરિયાદ નિવારણ કાર્યક્રમો યોજાશે





કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

મુખ્યમંત્રીશ્રીના જન સંપર્ક કાર્યક્રમના અનુસંધાને, જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે સ્વાગત કાર્યક્રમો યોજવામા આવે છે.

આ ઓનલાઈ ફરિયાદ નિવારણ કાર્યક્રમની શરૂઆત તા.૨૪/૦૪/૨૦૦૩ થી થઈ હતી. આ કાર્યક્રમને એપ્રિલ -૨૦૨૩મા ૨૦ વર્ષ પુર્ણ થાય છે. જે નિમિત્તે એપ્રિલ માસના ચોથા સપ્તાહને સ્વાગત સપ્તાહ તરીકે ઉજવવાનું નિયત કરવામા આવ્યુ છે. આ કાર્યક્રમ અંતર્ગત તા.૧૧ થી ૨૯ એપ્રિલ સુધી સ્વાગત સપ્તાહના જન જાગૃતી કાર્યક્રમો સહિત ગ્રામ સ્વાગત, તાલુકા સ્વાગત, અને જિલ્લા સ્વાગતના કાર્યક્રમો યોજાશે. તા.૧૫ એપ્રિલ ૨૦૨૩ ના રોજ પંચાયત વિભાગના સંકલનમા રહી બાઈસેગ- સેટકોમ દ્વારા તલાટીશ્રી, સરપંચશ્રી તથા ગ્રામ પંચાયતના સભ્ય શ્રીની તાલીમ યોજાનાર છે. તા.૧૧ થી ૧૭ એપ્રિલ ગ્રામ સ્વાગત માટેના પ્રશ્નો સ્વિકારવા માટે કેમ્પનુ આયોજન કરાશે. તા.૨૪-૨૬ સુધી તાલુકા સ્વાગત કાર્યક્રમનુ આયોજન થનાર છે. જેમા

તા.૨૪ના રોજ આહવા તાલુકા, તા.૨૫ સુબીર તાલુકા, તેમજ તા.૨૬ના રોજ વઘઈ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે. તા.૨૭ એપ્રિલના રોજ જિલ્લા સ્વાગત તેમજ રાજ્ય સ્વાગત કાર્યક્રમનુ આયોજન કરવામા આવેલ છે.

જિલ્લામા સ્વાગત સપ્તાહની ઉજવણી અંગે જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે કાર્યક્રમ અંગેની સમીક્ષા બેઠકનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા કલેક્ટરશ્રીએસ્વાગત કાર્યક્રમ અંગે બહોળો પ્રચાર પ્રસાર તેમજ કાર્યક્રમ અંગે સુદ્રઢ કામગીરી કરવા જણાવ્યુ હતુ.

# મુન્દ્રા તાલુકાના શિક્ષકોના વહીવટી તથા નાણાકીય પ્રશ્નો પૂર્ણ થતા આનંદની લાગણી વ્યકત કરતું શિક્ષક સમાજ

કમલમ્ ન્યુઝ,

વિસ્તારની દ્રષ્ટિએ વિશાળ એવા કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના અંતરિયાળ ગામોની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોના વહીવટી અને નાણાકીય પ્રશ્નો તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ઉમેશભાઈ રૂઘાણીના માર્ગદર્શન અને મુન્દ્રા તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના નેજા હેઠળ સો ટકા પૂર્ણ કરવામાં આવતા શિક્ષક સમાજમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

## મુન્દ્રા તાલુકામાં સો ટકા કામગીરી પૂર્ણ કરાવનાર તાલુકાના શિક્ષણાધિકારીનું સન્માન કરવામાં આવ્યું



અગત્યના મુશ્કેલ પ્રશ્નોનો સો ટકા સકારાત્મક ઉકેલ આવતા હવે શિક્ષકો ચિંતા મુક્ત થઈને બાળકોના શિક્ષણ પ્રત્યે વિશેષ ધ્યાન આપી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ માસથી શાળા સમય બાદ શિક્ષક સમાજના મિત્રોએ શિક્ષકોના હાયર ગ્રેડ, વિદ્યા સહાયકોના હુકમો, એરિયસ બીલ, ન્યુ પેન્શન સ્કીમ એકાઉન્ટ, કુટુંબ પેન્શન અને અશક્ત બાબતની સર્વિસ બુકમાં નોંધ, તમામ પ્રકારની રજાઓના હુકમો અને જમા રજા નોંધ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ માટે આવેલી અરજીઓના હુકમો, વળતર રજાઓનું પ્રાપ્ત રજાઓમાં રૂપાંતરના હુકમો, બાહ્ય પરીક્ષા માટેની અરજીઓના હુકમો, પેન્શન કેસનો નિકાલ, વીમાની રકમ તથા ૩૦૦ દિવસની રજાનું રોકડમાં રૂપાંતર જેવી વિવિધ નોંધો સર્વિસ બુકમાં પૂર્ણ કરી અપડેટેડ ડુપ્લીકેટ સર્વિસ બુક તમામ શિક્ષકોને આપવા સહિત વ્યક્તિગત કે શાળાકીય કામો માટે આવેલી અરજીઓનું સકારાત્મક નિકાલ કરી સો ટકા કામગીરી પૂર્ણ કરેલ છે જે સંભવત જિલ્લામાં જ નહીં પરંતુ રાજ્યમાં પ્રથમ બનાવ હોવાનું ગૌરવ લેતા તાલુકા શિક્ષક સમાજના પ્રમુખ મનહરસિંહ ઝાલા, મંત્રી હિતેશભાઈ પટેલ અને સહમંત્રી સહદેવસિંહ જાડેજાએ આ ઉમદા કાર્ય પૂર્ણ કરવામાં સહકાર આપવા બદલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ઉમેશભાઈ રૂઘાણીનું સાલ ઓઢાડીને સન્માન કરતા આનંદ સાથે આભારની લાગણી વ્યકત કરી હતી. આ તબક્કે મુન્દ્રા તાલુકાના બંને બીટના જિલ્લા કેળવણી નિરીક્ષક અને કામગીરી સાથે સંકળાયેલા શિક્ષક મિત્રોનું પણ શિક્ષક સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ : સૌરાષ્ટ્રવાસી અને તમિલવાસીઓનુ અદભૂત સાયુજય - નિલેશ પંડ્યા

કમલમ્ ન્યુઝ,

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ પંથકના હજારો બંધુઓ-ભગિનીઓ લગભગ બારસો વર્ષ પૂર્વે સપ્તમ જ્યોતિર્લિંગ તમિલનાડુના રામેશ્વરમ્ નજીક મદુરાઈમાં જઈને વસે. સૌરાષ્ટ્ર-ગુજરાતનું એવરગ્રીન લોકનૃત્ય રાસ-ગરબા જેવું જ તમિલનાડુમાં 'કુમ્મી નૃત્ય' સ્વરૂપે પ્રસ્તુત થાય છે.

સૌરાષ્ટ્રમાં મહાભારતકાલીન પાંડવોના સ્થાનો, પદચિહ્નોની જેમ તમિલનાડુના મહાબલીપુરમમાં પણ પાંડવોના નામ પરથી પાંડવરથ જેવું અદભૂત સ્થાન હોય. ભારતમાં ત્રણ જ અખાત, જેમાંથી બે, સૌરાષ્ટ્રના પડોશમાં કચ્છનો અખાત અને ગુજરાતમાં ખંભાતનો એટલે ગુજરાતમાં છે અને ત્રીજો તમિલનાડુમાં મન્નારનો અખાત આવેલો છે. સૌરાષ્ટ્ર-ગુજરાતને તામિલનાડુ સાથે અદભૂત લગાવ છે. સામ્ય અપણ અજબનું છે. આના જવાબો મળવાના શરુ થઈ ગયા છે, અને તા.૧૭થી ૩૦ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન ઉજવાનારા 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' થકી હજુ વધુ જવાબો ભવિષ્યમાં મળશે.

'હે મુને ઢોલે રમવા મેલ્ય મારા સાયબા, ઝાલાવાડી ઢોલ જાણે ઝાંઝર વાગે' જેવું લોકગીત ગવાય ને ઢોલ પર ધડામ કરતી દાંડી પડે અને ગુજરાતીઓના પગ ઠેકડો લેવા માંડે કેમ કે, રાસ-ગરબા આપણું અતિપ્રિય લોકનૃત્ય છે. આપણે ભલે શહેરોમાં જન્મ્યા હોઈએ, શહેરમાં વસતા હોઈએ, અરે, ગુજરાત બહાર કે દેશ બહાર હોઈએ તોય આપણા લોકગીત, ધોળ, લગ્નગીતો, દુહા-છંદ, રાસ-ગરબા, ભવાઈ, વ્રતો અને ઉત્સવો આપણને હૈયે વસેલા હોય છે. આની પાછળનું એક જ કારણ એ છે કે, આપણા દાદા-દાદી, નાના-નાની ક્યાંક ને ક્યાંક આ બધા સાંસ્કૃતિક વારસાના સાક્ષી કે વાહક બન્યા હોય છે. આ આપણા લોહીના સંસ્કાર છે ને એટલે જ તે આપણને ખેંચે છે.

ગુજરાતના કોઈ ગામડાંમાં આપણું નાનકડું એવું પૈતૃક મકાન હોય, ભલેને એ વર્ષોથી બંધ પડ્યું હોય, નળિયાં ઉડી ગયાં હોય, ભીંતડાં જ ઉભાં હોય, અંદર બાવળ અને બોરડી ઊગી ગયા હોય તોય એ જગ્યાએ જતાં વેંત જ આપણને પોતિકાપણું લાગે છે. કારણ કે આપણા પરદાદા એ ઘરમાં જન્મ્યા હોય, રહ્યા હોય એટલે એ ઘરની, એ ગામની માટી આપણને ખુશ્બુદાર લાગે છે. તામિલનાડુ સ્થિત લાખો સૌરાષ્ટ્રીયનો માટે આવો જ આકર્ષક, ધરાની ધૂળ માથે ચડાવવાનો અવસર આવ્યો છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા એ વખતે સને ૨૦૦૫-૨૦૦૬માં તેમણે મન બનાવી લીધું હતું કે, બારસો જેટલાં વર્ષોથી સૌરાષ્ટ્રમાંથી મહાહિજરત કરીને તમિલનાડુમાં સ્થાયી થયેલા ભાઈ-બહેનોને પુનઃ સૌરાષ્ટ્ર સાથે જોડવા છે. આ માટે તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન સૂત્રધારોને આ કામ સોંપી દીધું અને એ દિશામાં અહર્નિશ મથામણ શરુ થઈ. એના પરિપાક રૂપે હવે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના મુદ્રાલેખને અમલી બનાવી આગામી તા. ૧૭થી ૩૦ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ'ની ભવ્યાતિભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. ભગવાન સોમનાથની પાવન ધરા છે મુખ્ય સંગમસ્થાન. ઉપરાંત પોરબંદર,દ્વારકા, રાજકોટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ બનશે સંગમસ્થળો.

આટલા બધા સૌરાષ્ટ્રવાસીઓ કેમ છેક દક્ષિણ ભારતના કાંઠે એટલે કે લગભગ ૨૩૦૦ કિમી દૂર જઈને વસ્યા? એના પર ડોકિયું કરીએ. સને ૧૦૨૪માં સોમનાથ પર મહંમદ ગઝનીએ આક્રમણ કર્યું ત્યારે અને એ પછી સને ૧૩૦૦માં અલ્લાઉદ્દીન ખિલજીની આગેવાનીમાં વધુ એક આક્રમણ થયું ત્યારે હજારો સૌરાષ્ટ્રવાસીઓ પ્રભાસપાટણથી ખંભાત, ભરુચ અને સુરતના દરિયાઈ માર્ગે પ્રારંભે મહારાષ્ટ્રમાં, એ પછી વિજયનગર સામ્રાજ્યનું આમંત્રણ મળતા ત્યાં અને બાદમાં તમિલનાડુના મદુરાઈના રાજવંશે આશરો આપતાં લગભગ ૧૫૦૦ની સાલથી ત્યાં જઈને વસ્યા. વ્યક્તિ ગામડું છોડીને શહેરમાં, પરરાજ્યમાં કે પરદેશમાં વસે તો થોડી ભાષા, સભ્યતા, રિવાજમાં પરિવર્તન આવે એ સ્વાભાવિક છે પણ પોતાની સંસ્કૃતિ, અસ્મિતા અને કળામાં બહુ બદલાવ આવતો નથી. સૌરાષ્ટ્ર તમિલ સમાજ આજેય સુરતની કલાકારીગીરી સાથે અતૂટ બંધન બાંધીને બેઠો છે. સુરતની જેમ ત્યાં પણ 'ઝરીવાલા' પ્રખ્યાત છે.

ગુજરાતનો ગરબો વિશ્વપ્રસિદ્ધ છે એ ખરું પણ તમિલનાડુનું 'કુમ્મી' નૃત્ય આપણા ગરબાની પ્રતિકૃતિ જ જોઈ લો! 'કુમ્મી'માં મહિલાઓ રંગબેરંગી સાડી પરિધાન કરી, સજીધજીને ગોળાકારે ગોઠવાઈ જાય છે અને તાળીઓ પાડીને કુમ્મી સોન્ગ્સ ગાય છે. આપણે જેમ માતાજીના ગરબા અને લોકગીતો ગાઈએ છીએ બિલ્કુલ એમ જ કુમ્મી સોંગ્સ ગવાય છે. 'કરગટ્ટમ' નૃત્યમાં માથે ધાતુનું કે માટીનું વાસણ મુકીને એ લોકો નૃત્ય કરે છે. જે દ્રશ્ય આપણને સૌરાષ્ટ્ર-ગુજરાતમાં નવરાત્રિ વખતે માથે ગરબા લઈને ઘેર-ઘેર જતી ને ગાતી 'એકના ના એકવીસ રે ગોરી ગરબો આવ્યો'વાળી બાલિકાઓની યાદ અપાવી જાય છે. ત્યાં 'કાવડી અટ્ટમ' નૃત્ય પુરુષો કરે છે જેમ આપણા ગામડાંમાં નવરાત્રિ વખતે પુરુષો ગરબી લે છે અથવા કાનગોપી રમે છે.

સૌરાષ્ટ્ર તમિલનાડુ વચ્ચે વધુ એક સામ્યતા એ છે કે, સૌરાષ્ટ્રમાં ઠેરઠેર પાંડવો આવ્યાની કથાઓ-દંતકથાઓ મળે છે. ચોટીલા નજીકના થાનગઢ પાસે ત્રિનેત્રેશ્વરમાં અર્જુને દ્રૌપદી સ્વયંવર વખતે મત્સ્યવેધ કર્યાની કથા સુપ્રસિદ્ધ છે. ઉપલેટા નજીકના પાટણવાવ ગામના ઓસમ પર્વત પર પાંડવોના ચિહ્નો જેવાં કે ભીમની થાળી, ભીમ તળાવ, હેડંબાનો હીંચકો અને હેડંબાવન વગેરેની દંતકથા જાણીતી છે. આવી જ પાંડવોની યાદ તમિલનાડુની રાજધાની ચેન્નાઈથી ૬૦ કિમી દૂર પલ્લવ રાજાઓના તત્કાલીન પાટનગર મહાબલીપુરમમાં 'પાંડવરથ' નામે મળે છે જે ત્યાંના લોકોની આસ્થાનું કેન્દ્ર બન્યું છે, પલ્લવ રાજાઓએ એક ચટ્ટાન કોતરીને પાંડવો અને દ્રૌપદીના નામ પરથી રથ બનાવ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વમાં તા.૧૭થી ૩૦ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન યોજાનારો 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' સતરંગી બની બની રહેશે. એમાં ચિત્રકલા, પરફોર્મિંગ આર્ટ્સ, સંગીત, નાટક, સાહિત્ય, સેન્ડ આર્ટ, પરંપરિત લોકગાયન, હસ્તકળા વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા સંસ્કૃતિ અને સંસ્કાર ઉજાગર થશે. શિલ્પ, ભાષા, હેરિટેજ, શોપિંગ ફેસ્ટીવલ, કાપડ અને હેન્ડલૂમ, બિઝનેસ મીટ, પ્રદર્શન, રમત-ગમત, ગોષ્ઠિ, ગુજરાતી-તમિલ ભાષા પર ફન વર્કશોપ અને વાનગી સ્પર્ધા જેવા અલભ્ય આકર્ષણો સૌના મન મોહી લેશે.

સૌરાષ્ટ્ર તમિલ સંગમ થકી અનેક નવી દિશાઓ ઉઘડશે. બન્ને પ્રદેશો વચ્ચેની બરસો વર્ષ જૂની યાદો આળસ મરડીને ઊભી થશે. આવતાં સેંકડો વર્ષો સુધી બન્ને વચ્ચેના અતૂટ સંબંધોના નવા પ્રકરણો દેશ અને દુનિયા જોવાની છે. તમિલનાડુના સૌરાષ્ટ્રીયનો માટે સૌરાષ્ટ્ર બનશે 'પિયર' તો સૌરાષ્ટ્રવાસીઓ માટે તમિલનાડુ બનશે એમનુ 'બીજું ઘર'. સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંગે મદુરાઈના સૌરાષ્ટ્રીયન જયચંદ્રનજીએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં કહ્યું છે કે, 'હજાર વર્ષ પછી કોઈએ સૌરાષ્ટ્ર તમિલ સંબંધો વિશે વિચાર્યું છે.' વિશ્વભરને આશ્ચર્યચકિત કરી દેનારી આ એક દુર્લભ ઘટના એટલે 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ'માં સહભાગી બનવા સૌ થનગની રહ્યાં હોય એ સ્વાભાવિક વાત છે. આપણા જ બાંધવોને કાઠિયાવાડી પરંપરાથી 'એઈ...આવો... બાપલા... રામ... રામ...' કહેવાના અવસરની બધા કાગ ડોળે રાહ જોઈ રહ્યાં છે.

# ભુજશહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા સામાજીક ન્યાય સપ્તાહ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો.



કમલમ્ ન્યુઝ,

ન્યાય સપ્તાહ અંતર્ગત આજે પ્રદેશ અને જિલ્લા ભાજપ દ્વારા આપવામાં આવેલ સૂચના અને માર્ગદર્શન મુજબ સેવા વસ્તીના વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અધ્યક્ષીય ઊધન કરતા કચ્છ જીલ્લા ભાજપ અધ્યક્ષ અને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે સેવા વસ્તીના વિદ્યાર્થીઓને કારકિર્દીમાં આગળ વધવા માટે પ્રોત્સાહન મળે અને તેઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવી શિક્ષિત બની દેશના વિકાસમાં સહભાગી થાય તેવા ઉંમદા ઉદેશ્ય સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે વધુમાં કેશુભાઈએ ભુજને પ્લાસ્ટિક મુક્ત કરવાની નેમ વ્યક્ત કરી ભુજ ની સંસ્થા "કચ્છ એક પહેલ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ" ને ૫૦૦ કાપડ બેગ વિતરણ કરવા માટેની જવાબદારી સુપરત કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ પચાણભાઈ સંજોટ, મંત્રી પ્રફુલસિંહ જાડેજા, જીલ્લા ભાજપ કોષાધ્યક્ષ દિલીપભાઈ શાહ, સામાજિક ન્યાય સપ્તાહકાર્યક્રમનાઈન્ચાર્જરમેશભાઈ મહેશ્વરી, જિલ્લા મહિલા મોરચા અધ્યક્ષ ગોદાવરીબેન ઠકકર, જીલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તાપસ શાહ, લઘુમતી મોરચાના પ્રમુખ આમદભાઈ જત, કેડીસીસી બેંક ચેરમેન દેવરાજભાઈ ગઢવી, ભુજ શહેર ભાજપના અધ્યક્ષ બાલકૃષ્ણભાઈ મોતા, ભુજના નગરપતિ ઘનશ્યામભાઈ ઠકકર,સતાપક્ષના નેતા અશોકભાઈ પટેલ, ઉપપ્રમુખ રેશ્માબેન ઝવેરી, શહેર ભાજપ મહામંત્રી જયદીપસિંહ જાડેજા ઉપરાંત ભુજ શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદેદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભુજ શહેર ભાજપ અને યુવા મોરચાની ટીમ તેમજ નગરસેવક કમલ ગઢવીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હોવાનું ભુજ શહેર ભાજપ મિડિયા સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની યાદીમાં જણાવાયું હતું.

# નવસારીના કસ્બાપાર ખાતે મુખ્યમંત્રીશ્રી પટેલના કાર્યક્રમ અર્થે જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવે સ્થળ નિરિક્ષણ કર્યુ



## બેઠક વ્યવસ્થા, પરિવહન, પાર્કિંગ વિગેરે વ્યવસ્થા સુદ્રઢ કરવા આયોજન હાથ ધરાયું

કમલમ્ ન્યુઝ,

માન.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તા.૧૮ એપ્રિલ ૨૦૨૩ ના રોજ નવસારીના કસ્બાપાર ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જે અંતર્ગત તૈયારના ભાગરૂપે આજે નવસારી જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય , નિવાસી અધિક કલેકટરશ્રી કેતન જોશી સહિત વરિષ્ઠ અધિકારીશ્રીઓએ કસ્બાપાર ખાતેના સભાસ્થળ અને ભૂમિપૂજન સ્થળની મુલાકાત લીધી હતી. જયાં કલેકટરશ્રીએ અધિકારીઓને કાર્યક્રમના સૂચારૂ આયોજન અર્થે દિશાસૂચન તથા જરૂરી માર્ગદર્શન પૂરુ પાડયું હતું. કસ્બાપાર સ્થળ મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ બેઠક વ્યવસ્થા, પરિવહન, પાર્કિંગ, હેલિપેડ સ્થળ અને કોન્વોયની કામગીરી તથા ઉપસ્થિત રહેનાર લોકો માટે સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. મેડિકલ ટીમ, ઈન્ટરનેટની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

# કોરોનાની પૂર્વ તૈયારી: વલસાડ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સુવિધાની ચકાસણી માટે મોકડ્રીલ

## આરોગ્ય સુવિધાની ઉપલબ્ધતા, આઈસોલેશન બેડની ક્ષમતા, ઓક્સિજનની સુવિધા અને વેન્ટીલેટર બેડની ચકાસણી કરાઈ

### ઓક્સિજન ઉત્પન્ન કરતા જિલ્લાના કુલ ૧૪ ઓક્સિજન પ્લાન્ટની પણ તપાસ કરવામાં આવી



કમલમ્ ન્યુઝ,વલસાડ

દેશ અને દુનિયામાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે વલસાડ જિલ્લામાં હાલમાં ૫૫ એકિટવ કેસછે. જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય વિભાગે સતર્કતા દાખવી જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ સહિતની સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સુવિધાની ચકાસણી માટે મોકડ્રીલ કરવામાં આવી હતી. વલસાડ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.કે.પી.પટેલ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.વિપુલ ગામીતની રાહબરીમાં અધિકારીઓ દ્વારા વિવિધ સરકારી દવાખાનામાં મોકડ્રીલ કરાઈ હતી. જે મુજબ વલસાડ તાલુકાના અટગામ ગામમાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કવોલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર (કયુ.એ.એમ.ઓ.) ડો. દિવ્યેશ પટેલે પહોંચીને મોકડ્રીલ દરમિયાન આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતા, આઈસોલેશન બેડની ક્ષમતા, ઓક્સિજનની સુવિધા, ઓક્સિજન સપ્લાય વ્યવસ્થિત થઈ રહ્યો છે કે કેમ?, વેન્ટિલેટર બેડની ઉપલબ્ધતા સહિતની આરોગ્ય સુવિધાઓની પ્રત્યક્ષ ચકાસણી કરી હતી. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. કે.પી.પટેલે આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ઉપલબ્ધતા બાબતે પણ સમીક્ષા કરી હતી. આ સિવાય કોરોનાના દર્દીઓને ત્વરિત સારવાર મળી રહે તે માટે જિલ્લામાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વેન્ટીલેટર, ઓક્સિજન, બેડ અને ઓક્સિજન પ્લાન્ટની પણ ચકાસણી કરી હતી. જિલ્લામાં કુલ ૧૪ સ્થળે ઓક્સિજન ઉત્પન્ન કરતા પીએસએ પ્લાન્ટ ચાલુ કન્ડીશનમાં છે કે નહી તેની પણ ચકાસણી કરી હતી. વધુમાં અધિકારીઓએ મોકડ્રીલ દરમિયાન કોરોના સંદર્ભે પૂર્વ તૈયારી રાખવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

# માનવ ગરિમા યોજના થકી આત્મનિર્ભર બનતી તાપી જિલ્લાની દીકરી.

**માનવ ગરિમા યોજના હેઠળ મળતી ૨૮ પ્રકારની સાધન સહાય યોજના અંતર્ગત વર્ષ -૨૦૧૭-૧૮ થી વર્ષ-૨૦૨૧-૨૨ દરમિયાન તાપી જિલ્લામાં કુલ-૧૬૯ લાભાર્થીઓએ વિવિધ સાધનો મેળવી પગભર બન્યા છે.**



## માનવ ગરિમા યોજના હેઠળ ૨૮ પ્રકારનાં વ્યવસાય માટે મેળવી શકાય છે ટૂલ કીટ્સ

માનવ ગરિમા યોજના હેઠળ કુલ ૨૮ પ્રકારનાં વ્યવસાય માટે ટૂલ કીટ આપવામાં આવે છે. જેમાં કડીયાકામ, સેન્?ટીંગ કામ, વાહન સર્વિસીંગ અને રીપેરીંગ, મોચીકામ, દરજીકામ, ભરતકામ, કુંભારીકામ, વિવિધ પ્રકારની ફેરી, પ્લમ્બર, બ્યુટી પાર્લર, ઈલેક્ટ્રીક એપ્લાયન્?સીસ રીપેરીંગ, ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ, સુથારીકામ, ધોબીકામ, સાવરણી સુપડા બનાવનાર, દુધ-દહી વેચનાર, માછલી વેચનાર, પાપડ બનાવટ, અથાણા બનાવટ, ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ,પંચર કીટ, ફ્લોર મીલ, મસાલા મીલ, રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળની બહેનો), મોબાઈલ રીપેરીંગ, પેપર કપ અને ડીશ બનાવટ (સખીમંડળ), હેર કટીંગ (વાળંદ કામ), રસોઈ કામ માટે પ્રેશર કુકર (ઉજ્જવલા ગેસ કનેકશનના લાભાર્થી માટે) સાધન સહાય મેળવી શકાય છે.

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

નાનો ધંધો-રોજગાર કરવા ઈચ્છુક હોય તેવી વ્યક્તિઓને સ્વરોજગારીના ધંધા- રોજગાર અનુરૂપ કિટ્?સ આપવા નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હેઠળ માનવ ગરિમા યોજના અંતર્ગત કુલ ૨૮ પ્રકારનાં વ્યવસાય માટે ટૂલ કીટ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત દરજીકામ થકી તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કસવાવ ગામની દિકરી તનુજા રાજુભાઈ માહ્યાવંશી દરજીકામ કરી આત્મનિર્ભરતાનું ઉદાહરણ બની છે. માનવ ગરીમા યોજના(Manav Garima Yojana) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા માનવ ગરીમા યોજના હેઠળ રાજ્યના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને જરૂરી સાધનો/ટુલ કીટસ પુરા પાડી સ્વરોજગારી આપવાની યોજના અમલમાં છે. જેમાં જુદા જુદા ધંધાઓ/વ્યવસાયો માટે નિયમોનુસાર સાધનો ટુલ કીટસ આપવામાં આવે છે. સદરહુ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા અરજદારો પાસેથી ઓનલાઈન વેબસાઈટ esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈનથી અરજી કરી શકે છે. તાપી જિલ્લામાં વર્ષ-૨૦૧૭-૧૮ થી વર્ષ-૨૦૨૧-૨૨ દરમિયાન કુલ-૩૬ દરજીકામની સાધન સહાય ચુકવવામાં આવી છે. આ લાભાર્થીઓ પૈકી એક લાભાર્થી બહેન તનુજાકુમારી રાજુભાઈ માહ્યાવંશી આ અંગે જણાવે છે કે, મને ગરીબ કલ્યાણ મેળામાં નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, તાપી દ્વારા દરજીકામ માટે મળતી કીટની માહિતી મળી હતી. ત્યારબાદ મે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ esamajkalyan.gujarat.gov.in ઉપર કીટ માટે અરજી કરી હતી. અરજી મંજુર થતા મને ૨૦૨૨-૨૩માં દરજી કામની કીટનો લાભ મળ્યો હતો. કીટ મળતા મને આર્થીક રીતે ઘણી મદદ મળી છે. આ કીટમાં સિલાઈ મશિન અને ઓવર લોક મશીન મળ્યું છે જેનાથી મને ખુબ સારૂ થયું છે. આ મશીન બજારમાં નવુ લેવા જઈએ તો ૭ થી ૮ હાજરનું મળે છે જે નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી,તાપી દ્વારા મને નિઃશુલ્ક મળ્યું છે. જેના માટે હું સરકારની ઘણી આભારી છું. તનુજા કુમારી વધુમાં જણાવે છે કે, ૧૨ પાસબાદ આઈટીઆઈમાંથી મે સિવણનો કોર્ષ કર્યો હતો. ત્યારબાદ ઘરે સિવણકામ શરૂ કર્યુ હતું. પહેલા સેકન્ડ હેન્ડ મશીન લઈ કામ શરૂ કર્યુ હતું. નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા બે મશીન મળતા મને રાહત મળીછે.સરકારશ્રીનોઆભારવ્યક્ત કરતા વધુમાં ઉમેર્યુ હતું કે, અનુસૂચિત જાતિના કોઈ પણ ભાઈ-બહેન આ કીટ માટે અરજી કરી લાભ મેળવી શકે છે. આ યોજનાના લાભ વડે આપણે પોતાનો ખર્ચો ઉઠાવી શકીએ કોઈ ઉપર આર્થીક રીતે આધાર નથી રાખવો પડતો. માતાપિતા સામે પૈસા માટે હાથ નથી લંબાવો પડતો અને તેઓને આર્થીક રીતે મદદરૂપ થઈ શકીએ છીએ. તેમણે ખુશી વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, આનો બીજો લાભ એ છે કે ઘરે સીવણકામ કરવાથી ઘર અને દરજીકામ એમ બન્ને કામ કરી શકાય છે. સમયનો બાંધ રહેતો નથી. તનુજાકુમારીએ પોતાના ગ્રાહકોનો આભાર વ્યક્ત કરતા કહ્યુ હતું કે, જયારે મે સિવણકામ શરૂ કર્યુ ત્યારે મારા સગા સંબંધી, ગામના અને આસપાસના ગામની બહેનોએ મને કામ આપવાનું શરૂ કર્યુ જેના કારણે મને આવક મળી અને આજે હું ઘર બેઠા કમાણી કરી પગભર બની શકી છું જેના માટે હું મારા ગ્રાહકોની પણ આભારી છું. અત્રે નોંધનિય છે કે, તાપી જિલ્લામાં વર્ષ-૨૦૧૭-૧૮ થી વર્ષ-૨૦૨૧-૨૨ દરમિયાન કુલ-૩૬ દરજીકામની સાધન સહાય ચુકવવામાં આવી છે.જેના થકી વિવિધ વિસ્તારમાં અનુસૂચિત જાતિના ભાઈ-બહેનો સિવણકામ કરી આર્થીક રીતે રોજગારી મેળવી પગભર બન્યા છે. આ ઉપરાંત માનવ ગરિમા યોજના હેઠળ મળતી ૨૮ પ્રકારની સાધન સહાય યોજના અંતર્ગત તાપી જિલ્લામાં વર્ષ-૨૦૧૭-૧૮ થી વર્ષ-૨૦૨૧-૨૨ દરમિયાન તાપી જિલ્લામાંકુલ-૧૬૯ વિવિધ સાધનો મેળવી યોજનાનો લાભ મેળવ્યો છે.

# મધરાતે ઘરમાંથી બહાર કાઢી મુકતા પીડિત મહિલાએ માંગી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મદદ

**મધરાતે પીડિત મહિલાની મદદે પહોંચી તાપી ૧૮૧ અભયમ ટીમ**

CALL 181
WOMEN HELPLINE
ADVICE • RESCUE • COUNSELING

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

તાજેતરમાં સોનગઢ તાલુકાના અંતરિયાળ એરિયાળ ગામ માંથી એક બહેન દ્વારા રાત્રિ દરમિયાન ૧ વાગ્યે મધરાત્રીના સમયે ૧૮૧ પર ફોન આવતા જણાવેલ હતું કે તેમના પતિએ તેમની સાથે ઝઘડો કરીને દીકરી અને તેમને મધરાતે ઘરમાંથી બહાર કાઢી મૂક્યા છે મદદની જરૂર છે. તાપી વ્યારા ૧૮૧ ટીમ સાથે સ્થળ પર પહોંચી મહિલાને મળી તમામ હકીકત જાણીતો જાણવા મળ્યું હતું કે તેમના પતિને ઘણા વર્ષથી બીજી સ્ત્રી સાથે સંબંધ છે અને છેલ્લા ત્રણ વર્ષથી તેમની સાથે રહે છે પીડિતાને અને તેમના બાળકોને કોઈ ખર્ચ પૂરો પડતા ન હોવાથી કોર્ટમાં ભરણપોષણનો કેસ ચાલે છે જેના કારણે નાની નાની બાબતે તેમની સાથે ઝઘડા કરી માનસિક ત્રાશ આપે છે, હેરાન ગતિ કરે છે. હાલ સુગરમાં ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરે છે, જેથી હાલ સુગરનું કામ બંધ થઈ જતા મજૂરોને ઉતારવા માટે આવેલા અને તેમના ડોક્યુમેન્ટ ડ્રાઈવિંગ લાઈસન્સ લઈ લીધો હોવાનો કહેતા તેમની સાથે ઝઘડો કર્યો અને તેમને મધરાતે દીકરી સાથે ઘરમાંથી બહાર કાઢી ઘરનું તાળું મારી અને તેમને પોતાના પિયર ચાલ્યા જવાનું કહ્યું હતું. અને ઘરેથી તેમના બીજા ઘરે ચાલ્યા ગયા હતા. ટીમ તાપી ૧૮૧ દ્વારા તમામ હકીકત જાણ્યા બાદ શામાં પક્ષને સમજાવ્યું હતું કે મહિલા અને તેમની દીકરી તેમના ઘરે રહેશે અને ઘરની ચાવી અપાવી હતી તેમજ કાયદાકીય સમજ આપી હતી. પરંતુ મહિલાના પતિ નશાની હાલતમાં હોવાથી કોઈપણ વાત સમજી શકે તેમના હતા. જેથી પોલીસ ફરિયાદ આપવા માંગતા હોવાથી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. આગળની કાર્યવાહી સોનગઢ પોલીસ સ્ટેશન દ્વારા થશે.

